**<u>-::આંક - ૧૨ ની અરજી લગત હુકમ::-</u>**

(૧) હાલની અરજી આરોપી નં. ૪ તથા ૫ તરફે સી.આર.પી.સી.ની કલમ ૨૩૯ મુજબ આરોપીને આઇ. પી. સી. કલમ ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૭૪, ૧૨૦ બી. મુજબના ગુન્હામાંથી બીન તહોમત છોડી મુકવા અંગે કરવામાં આવેલ છે.

(૨) અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપી નં. ૪ અને ૫ ને ગઈ તા. ૨૯/૦૧/૨૦૧૯ ના રોજ સદરહું ગુન્હાના કામે અટક કરવામાં આવેલ અને આક્ષેપ છે કે, '' ગઈ તા. ૧૬/૦૨/૨૦૧૫ પહેલા કોઈપણ વખતે ડારી ગામે આ કામના આરોપીઓએ પુર્વઆયોજીત કાવતરૂં રચી સાહેદ લેખરાજ સુંદરદાસ તથા પરમેશ્વરીબેન ત્રિકમદાસ તથા પરશરામ લોગમલના ડારી ગામે આવેલ રે. સ. નં. ૬૦૮ તથા ૬૦૯ ના નંબરના પાડેલ પ્લોટ પૈકી પ્લોટ નં. ૨૨, ૨૯ તથા ૩૪ ની ગામ નમુના નં. ૨ માં નોંધમાં ફરીયાદી ડારી ગામે તલાટી કમ મંત્રી તરીકે ફરજ બજાવતા હોય તેની નકલી સહી તથા ડુપ્લીકેટ રબર સ્ટેમ્પનો ઉપયોગ કરી તે ગામ નમુના નં. ૨ બનાવી વેરાવળ સબ - રજીસ્ટ્રાર કચેરીમાં સાચા તરીકે રજુ કરી તા. ૧૬/૦૨/૨૦૧૫ ના રોજ ત્રણેય પ્લોટ કિંમત રૂા. ૩,૯૪,૦૦૦/- માં વેંચાણ દસ્તાવેજ અનુ. નં. ૬૫૬ થી નોંધાવી જેમાં આરોપી નં. ૪ તથા ૫ ના વેંચાણ લેનાર તથા આરોપી નં. ૧, ૨, ૩ વેંચાણ આપનાર તરીકે રહી અપ્રમાણીતપણે દસ્તાવેજ બનાવી તે પોતાના કબજામાં રાખી ગુન્હો કરેલ હોવાનો આક્ષેપ છે''. જે ફરીયાદ અન્વયે તપાસ પુર્ણ કરી તપાસનીશ અધિકારીએ સી. આર. પી. સી. કલમ ૧૭૩ નો રીપોર્ટથી ચાર્જશીટ રજુ કરેલ છે.

(૩) સદરહું કામે રજુ થયેલ ફરીયાદ, સાહેદોના મૌખિક નિવેદનો, તમામ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેવામાં આવે તો આરોપીઓ વિરુધ્ધ ૪૬૫,૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૭૪, ૧૨૦ બી.મુજબનો કોઈ પ્રથમ દર્શનીય કેસ ફલીત થતો નથી. સદર કામની ફરીયાદ જોવામાં આવે તો, ફરીયાદ(એફ.આઈ.આર)માં ગુન્હો કયારે બન્યો તેનો કોઈ ચોકકસ સમય પણ ફરીયાદી ધ્વારા બતાવવામાં આવેલ નથી. આ ઉપરની સ્પષ્ટ જણાઈ આવે છે કે, ફરીયાદી પણ જાણતા નથી કે નકલી સહી તથા ડુપ્લીકેટ રબ્બર સ્ટેમ્પનો ઉપયોગ કોણે કરેલ છે ? ફરીયાદીએ બનાવ કયારે બનેલ તેનો કોઈ ચોકકસ સમય જણાવવામાં આવેલ નથી તેમજ ગુન્હો બન્યા બાદ ફરીયાદીએ તા. ૧૬/૦૫/૨૦૧૬ ના રોજ પોલીસ સ્ટેશનમાં જાહેર થયેલ છે તે જોતા ફરીયાદ ૧ વર્ષ અને ૩ માસ મોડી આપેલ છે અને ફરીયાદ મોડી આપવાનું કારણ ફરીયાદમાં કયાંય જણાવેલ નથી. જેથી ફરીયાદપક્ષ ધ્વારા તેઓ ઉપર જે આક્ષેપો મુકવામાં આવેલ છે તે પાયા વિહોણા તેમજ તથ્ય વગરના છે અને તેઓએ કયારેય ફરીયાદીની બનાવટી સહી કરેલ નથી કે તેઓએ ડુપ્લીકેટ સહીઓ કરેલ નથી. તેમજ રજુ થયેલ તમામ દસ્તાવેજો, ફરીયાદ, નિવેદનો, ચાર્જશીટ વિગેરે જોવામાં આવે તો, આઈ. પી. સી.કલમ ૪૬૫,૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૭૪, ૧૨૦ બી.ના કોઈપણ તત્વો તેઓ વિરુધ્ધ પરીપુર્ણ થતા નથી. તેઓ ધ્વારા ફરીયાદીની બનાવટી સહી કરેલ હોય કે ડુપ્લીકેટ રબ્બર સ્ટેમ્પ બનાવ ઉપયોગ કરવામાં આવેલ હોય તેવું આ કેસ પરથી ફલિત થતું નથી પરીણામે આરોપી નં. ૪ અને ૫ ને દોષિત ઠરાવી શકાય તેવા કોઈ મજબુત પુરાવા નથી જેથી આરોપી નં. ૪ અને ૫ સામેનો કેસ ચાલવાપાત્ર નથી.

(૪) તેઓ આરોપી નં. ૪ અને ૫ નાઓ શુધ્ધ- બુધ્ધિના ખરીદનાર છે અને તેઓએ પ્લોટસના ગામ નમુના નં. ૨ ની નોંધ જોઈને ખરીદ કરેલ છે. આરોપી નં. ૪ અને ૫ ને ખબર જ ન હતી કે સદરહું ગામ નમુના નં. ૨ ની નકલો

બનાવટી સહી તથા ડુપ્લીકેટ રબ્બર સ્ટેમ્પ લાગવી બનાવવામાં આવેલ છે. આરોપી નં. ૪ અને ૫ બોનાફાઈડ પર્ચેઝર છે. તપાસ કરનાર અધિકારી ધ્વારા આ કામે દસ્તાવેજ તૈયાર કરનાર રાજેશભાઈ હરીલાલ દરી, રહે. વેરાવળનું નિવેદન લેવામાં આવેલ છે, જેમાં જણાવવામાં આવેલ છે કે, '' અરજદાર અયુબભાઈ સુલેમાનભાઈ ધમલોટ તથા હનીફભાઈ છોટુભાઈ શેખ રહે. માંગરોળવાળાએ વેંચનાર પાર્ટીના જમીનના પ્લોટના કાગળો તૈયાર કરવા તેઓને કોઈ કાગળ રજુ કરેલ નથી. '' તેમજ આરોપી નં. ૪ અને ૫ ના ઓ દસ્તાવેજ તૈયાર કરાવવા ગયેલ જ ન હતા. સદરહું મિલ્કતની ફાઈલ તેઓ ધ્વારા કયાંય રજુ કરવામાં આવેલ જ નથી. સદરહું સોદો દલાલ મારફત કરેલ હતો, તેઓને દલાલ તથા વેંચનારાઓ ઉપર ભરોસો રાખી સદરહું મિલ્કત ખરીદ કરેલ હતી. આમ સદરહું ગુન્હાના કામે આરોપી નં. ૪ અને ૫ ની સંડોવણી રજુ થયેલ ચાર્જશીટ, ફરીયાદ, સાહેદોના નિવેદનો, તમામ દસ્તાવેજી પુરાવાના આધારે ફલિત થતી ન હોય, આરોપી નં. ૪ અને ૫ ને બીન તહોમત છોડી મુકવા અરજ વિનંતી કરેલ છે.

(૫) સદરહું કામે એ.પી.પી.શ્રી આઈ.એચ.તુર્ક ધ્વારા દલીલ કરતા જણાવેલ છે કે, હાલનો ગુન્હો ગંભીર પ્રકારનો ગુન્હો છે, ત.ક.અ.એ ચાર્જશીટ કરતા સમયે આરોપી નં. ૪ અને ૫ નું નામ કાઢી તેના વિરુધ્ધ સમરી ભરેલ નથી તેમજ આરોપી નં. ૪ અને ૫ વિરુધ્ધ પુરતો પુરાવો જણાયેથી જ તેના વિરુધ્ધ ચાર્જશીટ કરેલ છે જેથી અરજી રદ કરવા વિનંતી કરેલ છે.

(૬) જયારે આરોપી નં. ૪ અને ૫ તરફે વિ.વ.શ્રી દલીલ કરતા જણાવે છે કે, હાલની સમગ્ર ફરીયાદ અને રજુ થયેલ તમામ પેપર્સ વંચાણે લેતા ગુન્હાનો ચોકકસ સમય દર્શાવેલ નથી અને હાલની ફરીયાદ ૧ વર્ષ ૩ માસ મોડી ફરીયાદ છે તેમજ તમામ સાહેદોના નિવેદનોમાં એવી હકીકત જણાવેલ નથી કે આરોપી નં. ૪

અને ૫ એ ખોટી સહી કરી ખોટી રબર સ્ટેમ્પ લાગવેલ છે. તેમજ આરોપી નં. ૪ અને ૫ ની સંડોવણીની હકીકત કોઈપણ સાહેદોના નિવેદનથી ખુલતી નથી. સાહેદ નં. ર અને ૩ ના રૂબરૂ થયેલ પંચનામામાં આરોપી નં. ૧ ની સહીના ૩૬ નમુના લીધેલ છે અને ગામ નમુના નં. ર માં તલાટી કમ મંત્રીની ખોટી સહી સ્ટેમ્પ કરવાનો આક્ષેપ છે. જેમાં પંચો રૂબરૂ આરોપી નં. ૧ થી ૩ ના સહીના નમુના પણ લેવામાં આવેલ છે. પરંતુ આરોપી નં. ૪ અને ૫ ના એવા કોઈ નમુના લીધેલ નથી. ફરીયાદીની સહીના નમુના પણ લેવામાં આવેલ છે. આ કામે આરોપી નં. ૪ અને ૫ બંને ખરીદ કરનાર છે અને તેમજ કુલમુખ્ત્યારનામું આ કામે આરોપી નં. ૧ થી ૩ નાઓએ બનાવેલ છે. તેમજ જમીન ખરીદનાર પરશરામ છે ખરીદનાર છે તેમજ સાહેદ રાજેશ હરીલાલ દરીએ ટાઈટલ કલીંયર સર્ટી. આપેલ છે જેને આ કામે સાહેદ તરીકે લીધેલ છે તેમજ સાહેદ સુલેમાન ચીનાનું તા. ૩૦/૦૧/૨૦૧ ૮ ના રોજ વિશેષ નિવેદન લીધેલ છે અને જેથી હાલના આરોપી નં. ૪ અને ૫ બોનાફાઈટ ખરીદનાર છે તેમજ ફરીયાદીનું તા. ૧૬/૦૨/૧૮ ના રોજ વિશેષ નિવેદન લીધેલ છે. જેમાં વિરુધ્ધની હકીકત ફરીયાદીએ જણાવેલ છે. આમ સમગ્ર પુરાવો વંચાણે લેતા આરોપી નં. ૪ અને ૫ નો કોઈ રોલ આવતો નથી. તેમજ આરોપી નં. ૪ અને ૫ નાએ કોઈ ખોટા દસ્તાવેજ ઉભા કરેલ નથી અને ફકત ટાઈટલ કલીંયર સર્ટી. જોઈને જમીન ખરીદ કરેલ છે. આ જમીન બીનખેતી હાલના આરોપી નં. ૧ થી ૩ ના નામે થયેલ છે. રેવન્યુ રેકર્ડમાં અન્ય કોઈનું નામ ન હતુ, સાહેદોએ પણ કોઈ ફરીયાદ કરેલ નથી અને દસ્તાવેજ આધારે જમીન ખરીદ કરેલ છે અને ખોટી સહીઓ અંગેનો કેસ છે અને આરોપી નં. ૧ થી ૩ ની સહીના નમુના લીધેલ છે. ફરીયાદીની સહીના નમુના લીધેલ છે. એફ.એસ.એલ. રીપોર્ટ પહેલા ચાર્જશીટ થઈ ગયેલ છે, સાહેદોમાં કોઈ હસ્તાક્ષર નિષ્ણાંત દર્શાવેલ નથી, ચાર્જશીટ થઈ ગયેલ છે અને આરોપી નં. ૪ અને ૫ વિરુધ્ધ પુરતો પુરાવો નથી, ખરેખર આ છેંતરપીંડી આરોપી નં. ૪ અને ૫ સાથે થયેલ છે. ભોગ બનનાર

આરોપી નં. ૪ અને ૫ છે અને કોઈ વ્રાહીત વ્યકિત ફરીયાદ કરી શકે નહી. આવા સંજોગોમાં આરોપી નં. ૪ અને ૫ નાઓનો કોઈ રોલ ન હોય આરોપી નં. ૪ અને ૫ નાઓને ડીસ્ચાર્જ કરવા વિનંતી કરેલ છે.

(૭) આંક – ૧૨ ની અરજી વંચાણે લીધી. બંને પક્ષકારોની દલીલો સાંભળી, ચાર્જશીટ તથા રજુ થયેલ કેસ પેપર્સ વંચાણે લીધા. આ કામે આરોપી નં. ૪ અને ૫ તરફે ડીસ્ચાર્જની અરજી આપવામાં આવેલ છે અને એવી રજુઆત કરવામાં આવેલ છે કે, આરોપી નં. ૪ અને ૫ મિલ્કત ખરીદનાર હતા અને આરોપી નં. ૪ અને ૫ નાએ કોઈપણ દસ્તાવેજ ઉભા કરેલ નથી કે આરોપી નં. ૪ અને ૫ નો અન્ય કોઈ રોલ આ કામે નથી અને જેથી આરોપી નં. ૪ અને ૫ ને ડીસ્ચાર્જ કરવાની રજુઆત કરેલ છે. સૌ પ્રથમ તો એ ચર્ચા કરવી જરૂરી છે જણાય છે કે, ડીસ્ચાર્જ અરજીમાં કોઈ આરોપીને ત્યારે જ ડીસ્ચાર્જ કરી શકાય જયારે ફરીયાદ, ચાર્જશીટ તથા સાથેના તમામ કાગળો વંચાણે લેતા આરોપી ઉપર કોઈપણ આક્ષેપ કરવામાં આવેલ ન હોય અને આરોપી વિરુધ્ધનો પ્રથમદર્શનીય કેસ ન હોય. ફકત તેવા અને તેવા જ સંજોગોમાં આરોપીને ડીસ્ચાર્જ કરી શકાય. આ કામની એફ.આઈ.આર. વંચાણે લેવામાં આવે તો એફ.આઈ.આર. માં આરોપીનું નામ પ્રથમથી જ છે અને આ કામે ફરીયાદમાં એવો ઉલ્લેખ થયેલ છે કે, આરોપી નં . ૪ ની સહીથી બોમ્બે લેન્ડ રેવન્યુ કાયદાની કલમ ૧૩૫ ડી. ની નોટીસની બજવણી માટેની અરજી રજુ થયેલ છે અને આરોપી નં. ૪ અને ૫ આ કામે મિલ્કત ખરીદનાર દરજજે એટલે કે, આ સમગ્ર મિલ્કત લે– વેંચમાં ખોટા દસ્તાવેજોથી સૌથી વધુ લાભ આરોપી નં. ૪ અને ૫ એટલે કે, ખરીદનારને થાય તેમ છે અને આરોપી નં. ૪ અને ૫ ઘ્વારા એવી દલીલ કરવામાં આવેલ છે જે દસ્તાવેજો ખોટા ઉભા કરવામાં આવેલ છે તે તેઓએ નામદાર કોર્ટમાં રદ કરવા દાવો દાખલ કરેલ હતો અને દાવો મંજુર થઈ ગયેલ છે અને દસ્તાવેજ રદ

કરવામાં આવેલ છે. પરંતુ આ હકીકત પુરાવાનો વિષય છે અને પુરાવો રેકર્ડ કર્યા સિવાય આરોપી નં. ૪ અને ૫ ની ગુન્હામાં સંડોવણી છે કે કેમ ? તે નકકી કરી શકાય નહી અને જયારે એફ.આઈ.આર. માં આરોપી નં. ૪ અને ૫ નું નામ દર્શાવેલ છે ત્યારે આરોપી નં. ૪ અને ૫ બોનાફાઈડ ખરીદનાર હતા તે હકીકત પણ પુરાવો રેકર્ડ કર્યા સિવાય નકકી કરી શકાય તેમ નથી. જેથી આરોપી નં.૪ અને ૫ ને ડીસ્ચાર્જ કરવા યોગ્ય જણાતું ન હોય હાલની અરજી નામંજુર કરવામાં આવે છે.

હુકમ આજ તા. ૨૫ મી, માહે– ફેબ્રુઆરી, સને – ૨૦૨૦ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૫/૦૨/૨૦૨૦

સ્થળ :– વેરાવળ

(પિયુષ નવિનભાઈ લાખાણી)
બીજા જયુડી. મેજી. ફ.ક.,
ગીર – સોમનાથ (વેરાવળ)
(કોડ નં. જી. જે. ૦૧૫૬૫)